**રિસ્ક • નાણાંનું સંચાલન કરવામાં બહોળો અનુભવ ધરાવતા હોવા છતાં નિર્ણયો ખોટા પણ સાબિત થતા હોય**

# નાણાકીય આયોજનમાં રોકાણ મુદ્દે જોખમ, તરલતા અને રિટર્નની ભૂમિકા જ નિર્ણાયક

આપણે જ્યારે રોકાણના અનેકવિધ પાસાઓ પર નજર કરીએ તો રોકાણનું વિશ્વ વધુ જટિલ લાગે છે. શું આપણે અત્યારે રોકાણ કરવું જોઇએ? આ સવાલ સૌથી વધુ મૂંઝવણ ઉભી કરે છે. તે ઉપરાંત અન્ય સવાલ જે વધુ દ્વિધામાં મૂકે છે - શું આપણે માર્કેટમાં કરેક્શનની પ્રતિક્ષા કરવી જોઇએ? શું આપણે માર્કેટમાં ટાર્ગેટ પ્રમાણે રિટર્ન મેળવી શકીએ છીએ? શું આપણે સરેરાશ કિંમત ઘટાડવા માટે વધુ ખરીદી કરવી જોઇએ? શું આપણે આ વોલેટાઇલ માર્કેટમાં રોકાણ કરીને વાજબી રિટર્ન મેળવી શકીએ? અનેક રોકાણકારોના મગજમાં આ પ્રકારના અનેક સવાલો ઉદ્દભવશે જે તેમના રોકાણના નિર્ણયમાં વિલંબ કરાવશે. રોકાણકારોને બંને સ્થિતિમાં નુકસાન છે. 1) જો તેઓ રોકાણ ન કરે તો માર્કેટમાં તક ગુમાવે અને ફુગાવાની અસર તેમજ જો તેઓ ખોટી પ્રોડક્ટમાં રોકાણ કરે તો તેઓને ઓછી આવક થાય અથવા તો કેટલાક સંજોગોમાં આવક અને મૂડી બંને ગુમાવવાનો વારો આવે છે. નાણાનું સંચાલન કરવામાં તમે ગમે તેટલો બહોળો અનુભવ ધરાવતા હોવા છતાં અનેક વખતે નિર્ણયો ખોટા પણ સાબિત થતા હોય છે. રોકાણ કરવાની માત્ર એક રીત અથવા કોઇ ચોક્કસ સ્ટોક કે સેક્ટર પ્રત્યે પક્ષપાતી દૃષ્ટિકોણ અથવા નિયમિત સમયે પોર્ટફોલિયોની સમીક્ષા અને પુનઃસંતુલન ન કરવું એ કેટલાક મુખ્ય કારણો છે જે પોર્ટફોલિયોનું પ્રદર્શન નબળુ પડે છે. જો તમે જૂની જ પદ્ધતિ અપનાવો છો જેમાં ભૂતકાળમાં સફળ થયા હોય, તે પણ માર્કેટમાં સતત ગતિશિલતા સાથે તે જૂની થઇ શકે છે. રોકાણ કરતા પહેલા રોકાણકારોએ ક્યાં પરિબળો ધ્યાનમાં રાખવા જોઇએ.?



**કરંટ અફેર્સ**

**દીપક સુદ**

એકવાર મુખ્ય પરિબળોને ધ્યાનમાં રાખવામાં આવે ત્યારબાદ રોકાણકારો ફંડ હાઉસની વય, મજબૂત લીડરશીપ ટીમ, પરફોર્મન્સના આધારે ફી અને ફિક્સ્ડ ફી સ્ટ્રક્ચર, એક્ઝિટ લોડ, ટેક્સની અસર, આર્થિક ચક્ર અને અન્ય પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. આ પરિબળોની અવગણના રોકાણકારોના નિર્ણયને ખોટો સાબિત કરી શકે છે. રોકાણ એ મહત્વપૂર્ણ આર્થિક નિર્ણય છે જે રોકાણકારની આર્થિક સ્થિતિ અને ભવિષ્ય પર અસર કરી શકે છે. આદર્શ રીતે, રોકાણકારોએ રોકાણના ત્રણ મુખ્ય પરિબળો - જોખમ, તરલતા અને રિટર્ન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. (લેખક- સીનિયર પાર્ટનર અને હેડ - ફિક્સ્ડ ઇનકમ, આલ્ફા અલ્ટરનેટિવ્સ)

## રોકાણકારોએ જોખમ, તરલતા અને રિટર્ન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ

આદર્શ રીતે, રોકાણકારો ઓછા જોખમ, વધુ રિટર્ન અને ઉચ્ચ લિક્વિડિટી વાળી પ્રોડક્ટ્સનું લક્ષ્યાંક રાખી શકે છે. જો કે ત્રણેને એક સાથે રાખીને ચાલવું પડકારજનક છે. ચાલો તે અંગે વિસ્તૃતમાં સમજીએ.

| પરિબળો | રોકાણનો ઉકેલ |
|---|---|
| વધુ લિક્વિડિટી+ઓછું જોખમ | ડિપોઝિટ, સરકારી બોન્ડ અને મહત્વની ધાતુઓ |
| ઉચ્ચ લિક્વિડિટી+ઉચ્ચ રિટર્ન | સ્ટોક્સ, ડેરિવેટિવ્ઝ |
| ઉચ્ચ રિટર્ન, ઓછું જોખમ | રિયલ એસ્ટેટ, પ્રાઇવેટ ક્રેડિટ |

રોકાણનો યોગ્ય રીતે નિર્ણય લેવા માટે પર્યાપ્ત રિસર્ચ અને સમયની જરૂર પડે છે. એક નાની ભૂલથી પણ મોટું નુકસાન સંભવ છે કારણ કે જરૂર પડે ત્યારે તમારા પૈસા રોકાયેલા હોય અથવા તો અપેક્ષા ના હોય ત્યારે વધુ નુકસાન થાય અને લાંબા ગાળે ખૂબ ઓછુ રિટર્ન મળે છે.

| પરિબળ | રોકાણનું માધ્યમ |
|---|---|
| ઉચ્ચ તરલતા+જોખમ (ઓછુ-મધ્યમ-વધુ)+રિટર્ન (બેન્ચમાર્ક ઈન્ડેક્સ) | MFs, PMS, AIFs MFs, PMS |
| ઓછી તરલતા+જોખમ (ઓછુ-મધ્યમ-વધુ) +રિટર્ન (બેન્ચમાર્ક ઈન્ડેક્સ) | AIFs |



પહેલું પરિબળ જોખમ છે. તમે ચોક્કસ સમયગાળા સુધી રોકાણની સામે કઇ રીતે રિટર્ન મેળવવા માંગશો? રોકાણના વિવિધ પ્રકારમાં અલગ અલગ જોખમ હોય છે, વધુ જોખમ હોય તે પ્રકારના રોકાણમાં વધુ રિટર્નની સંભાવના હોય છે. એટલે જ, રોકાણ કરતા પહેલા તમારી જોખમ લેવાની ક્ષમતાને ચકાસવી જોઇએ તેમજ તમારા આર્થિક લક્ષ્યો અને ક્ષમતા પ્રમાણે રોકાણ કરવાનું પસંદ કરવું જોઇએ. તમારા પોર્ટફોલિયોનું વૈવિધ્યકરણ જોખમને ઘટાડી શકે છે.
બીજું પરિબળ તરલતા છે. તરલતા (લિક્વિડિટી) એટલે કે તમે કેટલી વધુ ઝડપે તમારા રોકાણના મૂલ્યને અસર થયા વગર તેને રોકડમાં તબદિલ કરી શકો છો. સ્ટોક અને બોન્ડ જેવા રોકાણને તરલ કહેવામાં આવે છે કારણ કે તેની સરળતાથી ખરીદી અને વેચાણ કરી શકાય છે. જો કે, રિયલ એસ્ટેટ અને કેટલાક પ્રકારની સિક્યોરિટીઝમાં ઓછી તરલતા હોય છે તેમજ તે રોકડમાં તબદિલ થવામાં વધુ સમય લાગે છે. એટલે જ રોકાણ કરતા પહેલા તમારી નાણાકીય જરૂરિયાતને ધ્યાનમાં રાખવી તેમજ ઇમરજન્સી અને અન્ય ખર્ચ દરમિયાન તમારી પાસે પૂરતી મુડી હોય તે સુનિશ્ચિત કરવું સમજદારીનું કામ છે.
ત્રીજું પરિબળ રિટર્ન છે. રિટર્ન એટલે તમે જે રોકાણ કરો છો તેના પર મળતો નફો અથવા લાભ. વધુ જોખમ સાથેનું રોકાણ વધુ રિટર્ન ઓફર કરે છે, જ્યારે ઓછું જોખમ ધરાવતા રોકાણમાં ઓછું રિટર્ન મળે છે. તમારા નાણાકીય લક્ષ્ય અને રોકાણના સમયગાળા સાથે સંરેખિત જોખમ અને રિટર્ન વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. રોકાણનું ઐતિહાસિક પ્રદર્શન, ફંડનો ટ્રેક રેકોર્ડ, હાલની માર્કેટ સ્થિતિ જેવા પરિબળો ધ્યાનમાં રાખવા જરૂરી છે.